

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 147
Dt.: 07-02-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### ઈન્ટરનેટતેમાં સમય વેડફવો ન જોઈએ: મોદી

# પરીક્ષા પે ચર્ચા દરમિયાન પીએમ મોદીએ આપ્યા ખાસમખાસ મંત્રો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચાની ૯મી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પીએમ મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા દરમિયાન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન પીએમ મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષાને લઈને જે હાઉ પેદા થયેલો હોય છે તેમાંથી તેમને બહાર કાઢવાની કોશિશ કરી. દર વર્ષે આ પ્રકારના કાર્યક્રમનું આયોજન થાય છે. આ વાતચીત દરમિયાન વિદ્યાર્થીઓએ પીએમ મોદીને તેમના મનમાં જે પ્રશ્નો હતા તે પૂછ્યા અને પીએમ મોદીએ પણ ખુલીને તેમના સવાલોના જવાબ આપ્યા. તેમણે એ પણ જણાવ્યું કે તમે જે વાંચો છો તે ભૂલી જાઓ છો તે તેનાથી બચવા માટે શું કરવું જોઈએ. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન તણાવમુક્ત રહેવા શું કરવું જોઈએ તેના ઉપર પણ તેમણે વાતચીત કરી.

પીએમ મોદીએ કેટલાક મંત્રો આપ્યા

પરીક્ષા પે ચર્ચા દરમિયાન પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કેટલાક ખાસ મંત્રો આપ્યા.

- તેમણે કહ્યું કે પરીક્ષાની ઉત્સવની જેમ ઉજવણી કરવી જોઈએ.
- સ્પર્ધા બીજાઓની સાથે નહીં પરંતુ પોતાની જાત સાથે હોવી જોઈએ.
- ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને ડિજિટલ ફાસ્ટિંગ અપનાવવું જોઈએ
- અઘરું કામ પહેલા પતાવવું અને સમજી વિચારીને અભ્યાસ કરવા પર તેમણે ભાર મૂક્યો.
- તેમણે કહ્યું કે ગોખણપટ્ટી ન કરવી જોઈએ પરંતુ અસલ એક્ઝામ વોરિયર બનવું જોઈએ.



પીએમ મોદીએ કહ્યું કે હું પીએમ બની ગયો છું પરંતુ આમ છતાં લોકો મને અલગ અલગ રીતે કામ કરવાની સલાહ આપતા રહે છે. સલાહ જરૂર લો પરંતુ તમારા માટે જે સૌથી યોગ્ય હોય તે જ કરવું જોઈએ.

પીએમ મોદીને પ્રશ્ન પૂછાયો કે અનેકવાર એવું બને છે કે જે ભણીએ છીએ તે ભૂલી જઈએ છીએ તો પીએ મોદીએ કહ્યું કે તમને આજનો દિવસ બરાબર યાદ રહેશે કારણ કે તમે તેમાં પૂરેપૂરા ઈન્વોલ્વ છો. આવામાં તમે પોતાને ઓછા હોશિયાર આંકો અને વધુ હોશિયારીથી વાત કરો કે મત લો. પીએમ મોદીએ કહ્યું કે માર્ક્સ એક બીમારી બની ગઈ છે. આવામાં તમારે મનને આંકડા સાથે જોડવાની જગ્યાએ જીવનમાં ક્યાં જવું તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

હાલના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ખુબ જોર જોવા મળી રહ્યું છે ત્યારે પીએમ મોદીએ પણ વિદ્યાર્થીઓ સાથે ખુલીને છૈં પર વાત કરી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ છૈં જરૂર વાપરવું જોઈએ પરંતુ તેમણે સાથે સાથે એમ પણ કહ્યું કે તે તમને હંમેશા તમારા લક્ષ્યો મેળવવામાં મદદ કરશે નહીં.

પીએમ મોદીએ કહ્યું કે જીવનમાં દરેક ચીજમાં સંતુલન હોવું જરૂીર છે. જો તમે વધુ પડતા એક બાજુ નમશો તો તમે પડી જશો. લાઈફ સ્કિલ્સ અને પ્રોફેશનલ સ્કિલ્સ બંને બરાબર જરૂરી છે જેને ફક્ત શિક્ષણથી શીખી શકાય છે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે મારા જન્મદિવસ પર ૧૭ સપ્ટેમ્બરે એક નેતાએ મને ફોન કરીને કહ્યું કે તમે ૭૫ વર્ષના થઈ ગયા તો મે કહ્યું કે હજુ ૨૫ વર્ષ બાકી છે. હું વીતેલા નહીં પરંતુ વધેલાને ગણું છું. તેમણે કહ્યું કે સપના ન જોવા એ પણ એક ગુનો છે. સપના જોવા જ જોઈએ. પરંતુ સપનાને ખાલી ગણ્યા કરીએ તે કામ આવતું નથી. આથી જીવનમાં કર્મને જ મુખ્ય ગણવું જોઈએ.

તેમણે કહ્યું કે ભારતમાં ઈન્ટરનેટ સસ્તું છે એટલે થઈને સમય તેમાં બરબાદ કરવો જોઈએ નહીં. ગેમિંગ પર બોલતા તેમણે કહ્યું કે મે સટ્ટેબાજી વિરુદ્ધ કાયદો બનાવ્યો છે. અમે દેશમાં એવું થવા નહીં દઈએ પરંતુ ગેમિંગ પણ એક કળા છે. તેમાં ઝડપ પણ સામેલ હોય છે. આથી તે વિકાસ માટે સારી છે પરંતુ સારી ક્વોલિટીની ગેમિંગ પસંદ કરીને તમારી કુશળતાને શોધવાની કોશિશ કરવી જોઈએ.

તેમણે કહ્યું કે ભારતમાં ઈન્ટરનેટ સસ્તું છે એટલે થઈને સમય તેમાં બરબાદ કરવો જોઈએ નહીં. ગેમિંગ પર બોલતા તેમણે કહ્યું કે મે સટ્ટેબાજી વિરુદ્ધ કાયદો બનાવ્યો છે. અમે દેશમાં એવું થવા નહીં દઈએ પરંતુ ગેમિંગ પણ એક કળા છે. તેમાં ઝડપ પણ સામેલ હોય છે. આથી તે વિકાસ માટે સારી છે પરંતુ સારી ક્વોલિટીની ગેમિંગ પસંદ કરીને તમારી કુશળતાને શોધવાની કોશિશ કરવી જોઈએ.

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલને પ્રથમ વિદેશી સમર્થન

# "ટ્રેડ ડીલ ન હોવા કરતાં હોવી તે વધુ સારું છે : પોલેન્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)પોલેન્ડ

પોલેન્ડના નાયબ વિદેશ મંત્રીએ તાજેતરમાં આપેલા નિવેદનો ભારતની વૈશ્વિક સ્થિતિ અને વડાપ્રધાન મોદીના નેતૃત્વ પર મહોર મારે છે. પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન, વ્લાદિસ્લાવ બાર્ટોશેવસ્કીએ એક મોટો દાવો કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાને યુક્રેન પર પરમાણુ હુમલો કરતા અટકાવ્યું હતું. તેમના મતે, ૨૦૨૨ ના અંતમાં, પીએમ મોદીએ રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરી હતી અને તેમને વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાનું ટાળવા માટે સમજાવ્યા હતા.

વિશ્વ મંચ પર ભારતનું કદ સતત વધી રહ્યું છે, જેનો તાજો પુરાવો પોલેન્ડના નાયબ વિદેશ મંત્રીના નિવેદનોમાં જોવા મળ્યો છે. તેમણે ભારત-અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધોથી લઈને રશિયા-યુક્રેન યુદ્ધમાં ચીનની ભૂમિકા સુધીના અનેક મહત્વના મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી. પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન, વાલાદિસ્લાવ બાર્ટોશેવસ્કીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આંતરરાષ્ટ્રીય ભૂમિકાની ખુલ્લેઆમ પ્રશંસા કરી છે. તેમણે જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન, વડા પ્રધાન મોદીએ મહત્વપૂર્ણ હસ્તક્ષેપ કર્યો હતો, જેનાથી પરિસ્થિતિ વધુ બગડતી અટકાવી હતી. IANS સાથે વાત કરતા, બાર્ટોશેવસ્કીએ દાવો કર્યો હતો કે ૨૦૨૨ ના અંતમાં, વડા પ્રધાન મોદીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સીધી વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન, પીએમ મોદીએ રશિયાને યુક્રેનમાં વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાથી પાછળ હટવા માટે સમજાવ્યું. પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાનના મતે, આ વડા પ્રધાન મોદીની અત્યંત સકારાત્મક અને જવાબદાર વૈશ્વિક ભૂમિકાનું ઉદાહરણ છે.

# જાનૈયાઓ ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકી, ૧૩ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

ભારતીય સરહદ નજીક નેપાળમાં ભયાનક અકસ્માત થયો છે, જેમાં જાનૈયાઓ ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકતા ૧૩ના મોત અને ૩૪ને ઈજા થઈ છે. આ બસ બેતડીથી બજાંગ જિલ્લા જઈ રહી હતી. પોલીસે જણાવ્યું કે, ખીણમાંથી તમામને બહાર કાઢવામાં આવ્યા છે.

ઈજાગ્રસ્તોને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં કેટલાકની હાલત ગંભીર છે.

મીડિયા રિપોર્ટ મુજબ, બસ બેતડી જિલ્લાના સાત ભવને ગામમાંથી કન્યાને લઈને બજાંગના સુનકુડા જઈ રહી હતી.

આ દરમિયાન પૂરચૂંણીના બડગાવ પાસે વળાંક પર ડ્રાઈવરે બસ પર કાબુ ગુમાવ્યો હતો, જેના કારણે બસ ૧૫૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી.

પોલીસે જણાવ્યું છે કે, હાલ ઘટનાસ્થળે પૂરજોશમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. મોડી રાત્રે ઘટના બનતાં જ સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી, ત્યારબાદ પોલીસની ટીમ, નેપાળ એપીએફ સહિતની ટીમો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

તમામ મુસાફરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આમાંથી ૧૩ના મોત અને ૩૪ જાનૈયાઓને ઈજા થઈ હતી. બસમાં વધુ પડતા મુસાફરો હતા. જ્યારે વળાંક આવ્યો ત્યારે બસ ઢાળ ચઢી શકી ન હતી અને તે ખીણમાં ખાબકી ગઈ હતી.




## તંત્રી લેખ......

# પાસપોર્ટ નિયમોમાં મોટા ફેરફાર, હવે પોલીસ વેરિફિકેશન થશે સરળ

ભારત સરકારે વર્ષ ૨૦૨૬ માટે પાસપોર્ટના નવા નિયમો જાહેર કર્યા છે, જે સમગ્ર દેશમાં અરજદારો માટે અરજી પ્રક્રિયાને સરળ બનાવવા, સુરક્ષા મજબૂત કરવા અને સેવા વિતરણને ઝડપી બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ અપડેટેડ નિયમો, જે ૧૫ ફેબ્રુઆરી પછી સંપૂર્ણપણે અમલમાં આવશે, તેનો હેતુ પાસપોર્ટ મેળવવાની કે રિન્યૂ કરવાની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનો અને છેતરપિંડી તેમજ બિનજરૂરી વિલંબને ઘટાડવાનો છે. છેલ્લી ઘડીએ અરજી રિજેક્ટ ન થાય અથવા પ્રક્રિયામાં અડચણ ન આવે તે માટે અરજદારોને નવા નિયમોથી વહેલી તકે માહિતગાર થવા વિનંતી કરવામાં આવી છે.

નવા માળખા હેઠળ, પેપરવર્ક ઘટાડવા માટે પાસપોર્ટ અરજી માટે સ્વીકાર્ય દસ્તાવેજોની યાદીને ટૂંકી અને ડિજિટાઈઝ કરવામાં આવી છે. આધાર કાર્ડ અને અન્ય સરકારી ઓળખપત્રો જેવા ફરજિયાત પુરાવાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેનાથી અરજદારો ઓછા પ્રમાણપત્રો અને પાસપોર્ટ ઓફિસના ઓછા ધક્કા સાથે જરૂરિયાતો પૂરી કરી શકશે.

જો કે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે અધૂરા અથવા ખોટા દસ્તાવેજો સાથે સબમિટ કરેલી અરજીઓ સીધી જ નકારી કાઢવામાં આવી શકે છે, તેથી ઓનલાઈન દસ્તાવેજો અપલોડ કરતી વખતે સચોટતા રાખવી ખૂબ જરૂરી છે. સૌથી નોંધપાત્ર સુધારો પોલીસ વેરિફિકેશન પ્રક્રિયામાં કરવામાં આવ્યો છે. પરંપરાગત રીતે આ પ્રક્રિયા સૌથી લાંબી ચાલતી હતી, પરંતુ હવે વેરિફિકેશન મુખ્યત્વે ડિજિટલ માધ્યમો દ્વારા કરવામાં આવશે. નવી સંકલિત સિસ્ટમનો અર્થ એ છે કે ઘણા કિસ્સાઓમાં પોલીસ તપાસ અઠવાડિયાના બદલે માત્ર થોડા દિવસોમાં પૂર્ણ થઈ શકશે. કેટલાક કિસ્સાઓમાં 'પોસ્ટ-ઈશ્યુ વેરિફિકેશન' (પાસપોર્ટ આપ્યા પછીની તપાસ) ની સુવિધા પણ આપવામાં આવશે, જેથી પાસપોર્ટ પહેલા મોકલી શકાય અને તપાસ પછીથી થઈ શકે.

અરજી પ્રક્રિયાને પણ વધુ યુઝર-ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. સરકારના પાસપોર્ટ પોર્ટલને ઉન્નત સુવિધાઓ સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે, જે અરજદારોને વચેટીયાઓની મદદ વગર ફોર્મ ભરવા, દસ્તાવેજો અપલોડ કરવા અને એપોઈન્ટમેન્ટ સ્લોટ બુક કરવાની મંજૂરી આપે છે. ડિજિટલ સબમિશન અને રિયલ-ટાઈમ નોટિફિકેશન પર વધુ ભાર મૂકવાને કારણે અરજદારો તેમની અરજીનું સ્ટેટસ સરળતાથી ટ્રેક કરી શકશે. સગીરો **(Minors)** માટે પણ પાસપોર્ટ નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. માતાપિતાની સંમતિ અને ડિજિટલ જન્મ પ્રમાણપત્ર અથવા સ્કૂલ આઈડી સરળતાથી સ્વીકારવામાં આવશે, જેથી બાળકોના પાસપોર્ટ ઈસ્યુ કરવામાં લાગતો સમય ઘટશે. વધારામાં, સરકાર દેશભરમાં પાસપોર્ટ કેન્દ્રોની સંખ્યા વધારવાનું આયોજન કરી રહી છે, જેથી નાના નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓ વધુ સુલભ બને. ૨૦૨૬ ના પાસપોર્ટ નિયમોનો એકંદર હેતુ અરજદારોને સબમિશનથી લઈને ઈશ્યુઅન્સ સુધીનો અનુભવ વધુ સરળ બનાવવાનો છે. સંભવિત અરજદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ નવા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ૧૫ ફેબ્રુઆરીની સમયમર્યાદા પહેલા તેમની તૈયારીઓ પૂર્ણ કરી લે.

### હવે ગ્રાહકોને ૨૫,૦૦૦ વળતર મળશે

# ડિજિટલ ફ્રોડ કે નાણાકીય છેતરપિંડી પર હવે ગ્રાહકોને વળતર મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે નાની રકમના ફ્રોડ ટ્રાન્ઝેક્શનમાં થયેલા નુકસાન માટે ગ્રાહકોને રૂ.૨૫,૦૦૦ સુધી વળતર આપવા માટે એક નવું માળખું જાહેર કરવાની જાહેરાત કરી હતી. ગવર્નરે ચાલુ નાણાકીય વર્ષ માટે છેલ્લી બેઠકના નિર્ણયોની જાહેરાત કરતા કહ્યું, અમે ડિજિટલ ચુકવણીઓની સુરક્ષા વધારવા માટેના સંભવિત ઉપાયો પર એક ડિસ્કશન પેપર પણ પ્રકાશિત કરીશું. આ ઉપાયોમાં વિલંબિત ક્રેડિટ અને ચોક્કસ શ્રેણીના વ્યક્તિઓ, જેમ કે વરિષ્ઠ નાગરિકો માટે વધારાની પ્રમાણીકરણ શામેલ હોઈ શકે છે. ક્રેડિટમાં વિલંબનો મતબલ ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે પ્રસ્તાવિત સુરક્ષા વ્યવસ્થા છે. તેમાં કેટલાક ટ્રાન્ઝેક્શનથી પ્રાપ્ત પૈસાને રિસીવરના બેંક એકાઉન્ટમાં જાણી જોઈને થોડીવાર પછી જમા કરવામાં આવે છે. સંજય મલ્હોત્રાએ કહ્યું કે ગ્રાહક હિતોના રક્ષણ માટે, આરબીઆઈ ત્રણ દિશાનિર્દેશની માર્ગદર્શિકા જાહેર કરશે. પ્રથમ ખોટા વેચાણ સાથે સંબંધિત રહેશે, બીજો- અનધિકૃત રીતે ઈલેક્ટ્રોનિક બેંકિંગ ટ્રાન્ઝેક્શનોમાં ગ્રાહકોની જવાબદારીને મર્યાદિત કરવી અને ત્રીજો લોન રિકવરી સાથે રિકવરી એન્જન્ટને જોડવાના સંબંધમાં હશે. આરબીઆઈ ગર્વનરે કહ્યું, નાની રકમના નાણાકીય છેતરપિંડીવાળા ટ્રાન્ઝેક્શનમાં થયેલા નુકસાન માટે ગ્રાહકોને રૂ.૨૫,૦૦૦ સુધીના વળતર માટે એક માળખું રજૂ કરવાનો પણ પ્રસ્તાવ છે. અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહક જવાબદારીને મર્યાદિત કરતી હાલની માર્ગદર્શિકા ૨૦૧૭ માં જારી કરવામાં આવી હતી. આમાં ગ્રાહકોની શૂન્ય/સીમિત દેણદારીની પરિસ્થિતિ અને સમયમર્યાદાનો ઉલ્લેખ છે.

આરબીઆઈના ગવર્નરે કહ્યું હતું કે બેંકિંગ સેક્ટર અને પેમેન્ટ સિસ્ટમમાં ટેક્નોલોજીને ઝડપથી અપનાવવાને જોતા આ દિશાનિર્દેશોના જારી થયા પછી હાલના નિર્દેશોની સમીક્ષા કરવામાં આવી છે.

ગવર્નરે કહ્યું કે તેને જોતા નાની

### આખી રાત પોલીસ સ્ટેશનના ધક્કા ખાતો રહ્યો પરિવાર

# તંત્રના પાપે ખાડામાં પડવાથી યુવકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

ઉત્તર પ્રદેશના નોઈડામાં તંત્રના પાપે એન્જિનિયર યુવરાજનું મોત થયા બાદ હવે દિલ્હીમાં પણ 'મોતના ખાડા'માં બાઈક સાથે પડી જવાથી એક યુવાનનું મોત થયું છે. કમલ નામનો યુવક ઓફિસથી ઘરે જઈ રહ્યો હતો, ત્યારે અચાનક તેનું બાઈક એક ઊંડા ખાડામાં પડી જતા તેનું મોત થયું છે. પરિવારજનોએ પુત્રના મોતને લઈને તંત્ર અને પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, દિલ્હીના રોહિણી વિસ્તાનો રહેવાસી કમલ ઓફિસથી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન તેની પરિવાર સાથે સતત વાતચીત ચાલી રહી હતી, જોકે તે સમયસર ઘરે ન પહોંચતા પરિવારજનો ચિંતિત થઈને તેને શોધવા માટે નીકળી પડ્યા હતા. પરિવારજનોએ જનકપુરી, સાગરપુર, વિકાસપુરી તેમજ રોહિણી પોલીસ સ્ટેશન સહિત અડધથી વધુ સ્ટેશનમાં ધક્કા ખાધા હતા, જોકે એકપણ પોલીસ સ્ટેશને ફરીયાદની ગંભીરતા લીધી ન હતી.

પરિવારજનોએ કહ્યું કે, સવારે લગભગ ૭.૩૦ કલાકે ફોન આવ્યા બાદ પુત્રના મોતની જાણ થઈ હતી. ઘટનાસ્થળે એક ખુલ્લા અને મોટા ખાડામાં કમલ બાઈક સાથે પડેલો જોવા મળ્યો હતો. પરિવારે તંત્રની બેદરકારીના કારણે કમલનું મોત થયું હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે, આ અકસ્માત નથી, પરંતુ કોઈએ તેની હત્યા કરીને મૃતદેહને ખાડામાં ફેંકી દીધો હોવાની આશંકા છે. ઘટનાસ્થળે રસ્તા પર એક મોટો અને ખુલ્લો ખાડો હતો. ખાડા પાસે કોઈપણ બેરિકેડ લગાવેલું ન હતું. પ્રાથમિક રિપોર્ટ મુજબ, સ્થળ પર રાત્રે અંધારું હતું, જેના કારણે યુવકની બાઈક ખાડા તરફ ધસી ગઈ હતી, જેમાં તેનું મોત થઈ ગયું. સ્થાનિક લોકોએ તંત્ર પર ગંભીર બેદરાકીનો આક્ષેપ કરતાં કહ્યું છે કે, સ્થળ પર લાઈટ પણ નથી અને ચેતવણીનું બોર્ડ પણ લગાવાયું નથી. એટલું જ નહી આટલો મોટો ખાડો છતાં ત્યાં બેરીકેડ પણ ન હતું. આ ખાડો ઘણા સમયથી ખુલ્લો હતો. પોલીસે કહ્યું છે કે, અકસ્માત અંગે તમામ પાસાઓને ધ્યાને રાખીને તપાસ કરવામાં આવી રહી છે.

### ફટકારી સૌથી ઝડપી સદી, બનાવ્યો નવો વિશ્વ રેકોર્ડ

# વૈભવ સૂર્યવંશીએ વર્લ્ડ કપ ફાઈનલમાં રચ્યો ઈતિહાસ

## વૈભવ સૂર્યવંશીએ અંડર-૧૯ વર્લ્ડ કપની ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ મેચમાં તાબડતોબ ૧૭૫ રન બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અંડર-૧૯ વર્લ્ડ કપમાં વૈભવ સૂર્યવંશી નામનું વાવાઝોડું આવ્યું અને તરખાટ મચાવી દીધો છે, વૈભવ સૂર્યવંશીએ તાબડતોબ બેટિંગ કરીને ઈંગ્લેન્ડના બોલરોના છોતરાં કાઢી નાખ્યા છે. તેણે ઝડપી બેટિંગ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં લાવી દીધું છે, ભારતે ૨૫ ઓવરમાં ૨૫૦ રન કરી દીધા છે. એક સમયે એવું લાગી રહ્યું હતું કે વૈભવ સૂર્યવંશી બહુ ઝડપથી પોતાની બેવડી સદી પૂર્ણ કરી લેશે, પરંતુ તે ૨૫ રન દૂર રહી ગયો હતો, વૈભવ સૂર્યવંશીએ શરુઆતથી જ સ્ફોટક બેટિંગ શરુ કરી દીધી હતી અને તે સદીની નજીક પહોંચી ગયો ત્યારે પણ પોતાની રન બનાવવાની ગતિને ધીમી કરી નહોતી અને આ પછી તેણે ૧૫૦ રન પણ બનાવી લીધા હતા.

વૈભવ સૂર્યવંશીએ મેચની ૪ ઓવર સુધી ધીરજ રાખી હતી પરંતુ આ પછી તેણે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ શરુ કરી દીધો અને તેણે જોતજોતામાં પોતાની સદી પૂર્ણ કરી લીધી હતી. વૈભવ સૂર્યવંશીએ ૮૦ બોલમાં ૨૧૮થી વધુની સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરીને ૧૭૫ રન બનાવ્યા હતા, જેમાં ૧૫ ચોગ્ગા અને ૧૫ છગ્ગાનો સમાવેશ થાય છે.

વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ મેચમાં માત્ર ચોગ્ગા અને છગ્ગાથી જ ૧૫૦ રન બનાવી લીધા હતા, જ્યારે દોડીને તેણે માત્ર ૨૫ જ રન લીધા હતા. વૈભવ સૂર્યવંશીનું નામ પડતા એવી ચર્ચાઓ કરી રહ્યા હતા કે તે મોટી ટીમ અને મહત્વની મેચમાં ચાલતો નથી તેમના મોઢા બંધ કરી દીધા છે. વૈભવ સૂર્યવંશીએ જે પ્રમાણે બેટિંગ કરી રહ્યો હતો ત્યારે ભારતનો સ્કોર સરળતાથી ૪૦૦ની પાર જવાની શક્યતાઓ દેખાઈ રહી હતી. પરંતુ તેની વિકેટ પડ્યા બાદ હવે સ્થિતિ સામાન્ય બદલાઈ છે. ભારતે ફાઈનલ મેચમાં ટોસ જીત્યો હતો અને આયુષ માતરેએ બેટિંગનો નિર્ણય લીધો હતો. ભારતની ઓપનિંગ જોડી ચોથી ઓવરમાં જ તૂટી ગઈ હતી. જેમાં એરોન જ્યોર્જે ટીમના ૨૦ રનના સ્કોર પર પહેલી વિકેટ ગુમાવી હતી. પરંતુ આ પછી કેપ્ટન આયુષ અને વૈભવની શાનદાર પાર્ટનરશીપ બની હતી, જેની મદદથી ભારતે સરળતાથી ૨૦૦ રન હાંસલ કરી લીધા હતા. વૈભવ સૂર્યવંશી અને આયુષ માત્ર વચ્ચે ૯૦ બોલમાં ૧૪૨ રનની પાર્ટનરશીપ કરી હતી. જેમાં આયુષે પોતાની અડધી સદી પૂર્ણ કરી હતી અને વૈભવ ૯૭ રન પર બેટિંગ કરી રહ્યો હતો. જોકે, આયુષની વિકેટ પડ્યા પછી વૈભવે સદી પૂર્ણ કરીને તોફાની બેટિંગ ચાલુ રાખી હતી અને તેણે વેદાંત ત્રિવેદી સાથે માત્ર ૩૯ બોલમાં ૮૯ રનની પાર્ટનરશીપ બનાવી લીધી હતી. જેમાં વેદાંતના માત્ર ૧૦ અને વૈભવના ૭૮ રન હતા.

### પત્રમાં સંભવિત નાણાકીય નુકસાનનો ઉલ્લેખ કરાયો હતો

# શ્રીલંકન ક્રિકેટ બોર્ડે PCBને પત્ર લખીને પુનર્વિચાર કરવા વિનંતી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો,

કોલંબોમાં ભારત-પાકિસ્તાન **T20** વર્લ્ડ કપ મેચ યોજવાની શક્યતાઓ ધૂંધળી બની રહી છે. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને પત્ર લખીને નાણાકીય નુકસાનનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, હજુ પણ પાકિસ્તાને ભારત સામે નહીં રમવાની વાત પર પિન ચોંટાડી રાખી હોવાની વાત સામે આવી રહી છે. શ્રીલંકન ક્રિકેટ બોર્ડના છેલ્લા પ્રયાસો છતાં, કોલંબોમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન **T20** વર્લ્ડ કપ મેચ યોજવાની શક્યતાઓ ધૂંધળી દેખાઈ રહી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્ણય લેનારાઓ ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાના પોતાના વલણને બદલવાના મૂડમાં નથી. ગુરુવારે સાંજે, શ્રીલંકન ક્રિકેટ બોર્ડે **PCB**ને પત્ર લખીને તેમના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરી. પત્રમાં સંભવિત નાણાકીય નુકસાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તરફથી કોઈ સકારાત્મક પ્રતિભાવ મળ્યો નથી, કારણ કે તેમના હાથ બંધાયેલા છે. **PCB**ના સૂત્રોએ હિન્દુસ્તાન ટાઈમ્સને જણાવ્યું હતું કે, "હા, અમને પત્ર મળ્યો છે, પરંતુ અમે સરકારના નિર્ણયને ઉલટાવી શકતા નથી. તે સંપૂર્ણપણે સરકારનો નિર્ણય છે." ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરો માને છે કે પાકિસ્તાન સરકાર ટૂંક સમયમાં પોતાનો નિર્ણય ઉલટાવી શકે છે. વર્લ્ડ કપ શરૂ થવામાં ફક્ત ૨૪ કલાક બાકી છે, છતાં હજુ સુધી કોઈ સકારાત્મક સંકેતો મળ્યા નથી. આ સૂચવે છે કે ઈતિહાસમાં પહેલીવાર, **ICC** ટુર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન મેચ રદ થઈ શકે છે. **PCB** ને લખેલા પત્રમાં, શ્રીલંકા ક્રિકેટે ભારત-પાકિસ્તાન મેચનું આયોજન કરવા માટે ઉત્સુકતા વ્યક્ત કરી હતી. જેમાં જણાવવામાં હતું કે મેચ માટે વ્યવસાયિક, સંચાલન, લોજિસ્ટિકલ અને સુરક્ષા વ્યવસ્થા પૂર્ણ થઈ ગઈ છે, જેમાં હોસ્પિટાલિટી પ્લાનિંગ અને ટિકિટ વેચાણનો સમાવેશ થાય છે. શ્રીલંકા ક્રિકેટે પણ મજબૂત ટિકિટ માંગ અને નોંધપાત્ર વાણિજ્યિક નફાની આશા વ્યક્ત કરી હતી.

શ્રીલંકાએ **PCB**ને ચેતવણી આપી હતી કે પાકિસ્તાનની ભાગીદારી ન થવાથી નોંધપાત્ર નાણાકીય નુકસાન થઈ શકે છે, જેમાં અપેક્ષિત પ્રવાસન આવકનું નુકસાન અને વ્યાપક આર્થિક અસરનો સમાવેશ થાય છે. પાકિસ્તાનના બહિષ્કારની અટકળો વચ્ચે, કોલંબોમાં તેની અસર પહેલાથી જ અનુભવાઈ ચૂકી છે, ઘણી હોટલ બુકિંગ રદ કરવામાં આવ્યા છે.

# અમેરિકામાં ભારતીયોને મોટો ઝટકોઃ ટ્રમ્પ સરકારે જાહેર કરી મોસ્ટ વોન્ટેડની યાદી, ૮૯ ભારતીયોના નામ સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કડક કાર્યવાહીની વચ્ચે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી **(DHS)** દ્વારા જાહેર કરાયેલ **"Worst of the Worst"** એટલે કે ખતરનાક ગુનેગારોની યાદીમાં ભારતીય મૂળના ૮૯ લોકોના નામ સામેલ છે. ભારતીયો અને અન્ય ઈમિગ્રન્ટ્સ સામે ટ્રમ્પ વહીવટીતંત્રના કડક પગલાંનો આ તાજેતરનો મામલો છે. આ યાદી જાહેર ડેટાબેઝ તરીકે જારી કરવામાં આવી છે. જેમાં લગભગ ૨૫,૦૦૦ 'ક્રિમિનલ ગેરકાયદેસર એલિયન્સ'ની વિગતો છે. એટલે કે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ જેમને હત્યા, જાતીય ગુનાઓ, ડ્રગ તસ્કરી જેવા ગંભીર ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે અને જેમની **ICE** અને **CBP** **(Customs and Border PrOection)** દ્વારા ધરપકડ કરવામાં આવ્યા છે.

**DHS** દ્વારા લોન્ચ કરવામાં આવેલી વેબસાઈટ **WOW.DHS.GOV** પર ગુનેગારોના નામ, ફોટા, તેમના દ્વારા કરવામાં આવેલા ગુનાઓ અને તેમની રાષ્ટ્રીયતા જાહેરમાં ઉપલબ્ધ કરાવી છે. **DHS**એ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, "આ વેબસાઈટ એટલા માટે શરૂ કરવામાં આવી છે કે, જેથી અમેરિકાના નાગરિકો જોઈ શકે કે અમે કયા ગુનાહિત ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી રહ્યા છીએ, તેમણે કયા ગુના કર્યા છે અને તેમને કયા સમુદાયોમાંથી દૂર કરવામાં આવ્યા છે." ભારતીય મૂળના અમનદીપ મુલ્તાની અને હરજિંદર સિંહ પણ ખતરનાક ગુનેગારોની આ યાદીમાં છે. તેમના પર ડ્રગની તસ્કરીનો આરોપો લગાવવામાં આવ્યો છે.

**DHS**એ લખ્યું કે, આ તો ફક્ત એક ઝલક છે અનેએ પણ સ્પષ્ટ કર્યું કે, આ યાદી ફક્ત એક "સ્નેપશોટ" છે, કારણ કે ટ્રમ્પ વહીવટ દરમિયાન પકડાયેલા ગુનેગારોની કુલ સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે.

એક કડક નિવેદનમાં વિભાગે કહ્યું કે, "આ એ લોકો છે જેમણે આપણા સમુદાયોને આતંકિત કર્યા. અમે ત્યાં સુધી રોકાઈશું નહીં જ્યાં સુધી આવા દરેક વ્યક્તિને દેશનિકાલ ન કરવામાં આવે. અમેરિકાના નાગરિકો એવા લોકોથી પીડિત ન બનવા જોઈએ જેમને અહીં રહેવાનો કોઈ કાનૂની અધિકાર નથી."

નોંધનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન ગેરકાયદેસર ઈમિગ્રેશન પર કડક કાર્યવાહીનું વચન આપ્યું હતું. તેમના બીજા કાર્યકાળના પહેલા જ દિવસે તેમણે અમેરિકાની દક્ષિણ સરહદ પર "રાષ્ટ્રીય ઈમરજન્સી" જાહેર કરી હતી અને સરહદ પર વધુ સૈનિકો તૈનાત કરવાની જાહેરાત કરી હતી. તેમણે "ક્રિમિનલ એલિયન્સ"ને દેશનિકાલ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

જો કે, આ કાર્યવાહીને લઈ અમેરિકામાં વિવાદ પણ વધતો જોવા મળી રહ્યો છે. ઘણા રાજ્યોમાં ઈમિગ્રેશન દરોડા દરમિયાન હિંસક ઘટનાઓ સામે આવી છે. ડેમોક્રેટિક સાંસદોની સાથે-સાથે કેટલાક ડેમોક્રેટિક નેતા પણ આ કાર્યવાહીથી નારાજ છે. અમેરિકાના સંસદમાં ડેમોક્રેટિક સાંસદોએ **DHS**નું ફંડિંગ બંધ કરી દીધું છે અને **ICE** અને **CBP**માં સુધારાની માંગ કરી છે. તેઓ માંગ કરી રહ્યા છે કે, ફેડરલ એજન્ટો બોડી કેમેરા પહેરે અને **ID** પણ પહેરે. તેઓ એવી પણ માંગ કરી રહ્યા છે કે, આ એજન્ટો તેમના માસ્ક પણ ઉતારે જેથી તેઓ ઓળખી શકાય. જો કે, ટ્રમ્પ સરકાર આ માંગણીઓનું પાલન કરવાનો ઈનકાર કરી રહ્યું છે.

### આખરે રોડ લોકો માટે ખુલ્લો કરાવ્યો

# વડોદરામાં એલેમ્બિક સિટીમાંથી પસાર થતા રસ્તાનો વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલી એલેમ્બિક સિટીના રસ્તાનો છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલતો હતો કંપનીએ રસ્તો બંધ કરી દીધા બાદ સયાજીગંજના ધારાસભ્યએ રજૂઆત કરતા આજથી રસ્તો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. એલેમ્બિક સિટીમાંથી પસાર થતો ૧૮ મીટરનો રસ્તો કોની માલિકીનો છે? એવો સવાલ સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયાએ મ્યુ. કમિશનરને કર્યો હતો. આ રોડ રસ્તાનો ઉપયોગ સામાન્ય નાગરિક કરી શકે કે નહીં? એવી રજૂઆત બાદ આ રોડ રસ્તો જાહેર જનતા માટે ખુલ્લો કરાતા ગેંડા સર્કલથી શાસ્ત્રી બ્રિજ તરફ જતા વાહનચાલકો માટે આશીર્વાદરૂપ બનશે. ઉલ્લેખનીય છે કે શહેરના ગોરવા વિસ્તારમાં ઈન ઓર્બીટ મોલ સામે એલેમ્બિક સિટીમાંથી પસાર થતો ૧૮ મીટરનો રોડ રસ્તો કોની માલિકીનો છે તેઓ સવાલ ધારાસભ્ય કેયુર રોકડિયાએ પાલિકા કમિશનર સમક્ષ કરી જણાવ્યું હતું કે એલેમ્બિક સિટીમાંથી જ્યોતિ કંપની થઈને શાસ્ત્રી બ્રિજ બાજુ નીકળતા રોડ રસ્તા પર એલેમ્બિક કંપની દ્વારા ગેટ મૂકી દેવાયો છે અને ચારે બાજુએ બેરીકેડિંગ મૂકીને સિક્યુરિટી ગાર્ડ પણ રાખવામાં આવ્યો છે. ગેંડા સર્કલ પાસે ટ્રાફિક જામ હોય ત્યારે વાહન ચાલકો આ રસ્તા નો ઉપયોગ કરી શાસ્ત્રી બ્રિજ સુધી જવાનું સરળ છે ત્યારે ઘણી વખત અહીના સિક્યુરિટી ગાર્ડ વાહન ચાલકોને રોકતા હોય છે. જોકે જાણવા મળેલી વિગતો મુજબ આ જૂનો નાળિયા રોડ રસ્તો સરકારી ચોપડે નોંધાયેલો છે. એલેમ્બિક કંપનીએ અહીં વિવિધ પ્રકારના કન્સ્ટ્રક્શનના કામ કર્યા ત્યારે તેમણે એફએસઆઈ મેળવી હતી. જ્યારે કોઈ એફએસઆઈ મેળવે તો એ રસ્તો કામગીરી પૂરી થયા બાદ પાલિકાને પરત સોંપી દેવો પડે અને ટીપી રોડ જાહેર કરવો પડે તો એફ એસ આઈ મળતી હોય છે. દરમિયાન ધારાસભ્ય કેયુર રોકડિયાની રજૂઆત બાદ અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી યોજવાની છે ત્યારે કોઈ વાદવિવાદ થાય નહીં એવા ઈરાદે, એલેમ્બિક કંપની દ્વારા તાત્કાલિક ધોરણે એલેમ્બિક સિટીની અંદરનો આ જૂનો નાળિયા રોડ રસ્તો તાત્કાલિક ધોરણે ખુલ્લો કરીને વાહન ચાલકો માટે ઉપયોગમાં લેવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

# ઈસ્લામાબાદમાં નમાજ દરમિયાન બોમ્બ વિસ્ફોટ, ૩૧ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં બોમ્બ વિસ્ફોટ થયો છે. ઈસ્લામાબાદમાં શિયા મસ્જિદ, કસર-એ-ખાદીજાતુલ કુબ્રામાં શુક્રવારની નમાજ દરમિયાન આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ થયો હતો. ૩૧ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે અને ૧૬૯ થી વધુ ઘાયલ થયા છે.

વિસ્ફોટ બાદ ઈસ્લામાબાદમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. પોલીસ અને દળોએ શિયા મસ્જિદની આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે. શંકાસ્પદ ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, અને કોઈ આતંકવાદી સંગઠન કે વ્યક્તિએ જવાબદારી લીધી નથી. **HTN** વર્લ્ડ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, એક વ્યક્તિએ મસ્જિદના દરવાજા પર પોતાને ઉડાવી દીધો. ઈસ્લામાબાદ પોલીસ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી છે અને ઘાયલોને બચાવી રહી છે. ઘાયલોને પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ **(PIMS)** અને **CDA** હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. **PIMS** ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર **(ED)** ના નિર્દેશ પર, હોસ્પિટલમાં કટોકટી જાહેર કરવામાં આવી છે, એક પ્રવક્તાએ પાકિસ્તાની અખબાર ડોનને પુષ્ટિ આપી. તેમણે જણાવ્યું હતું કે મુખ્ય ઈમરજન્સી, ઓર્થોપેડિક, બર્ન સેન્ટર અને ન્યુરોલોજી વિભાગો સક્રિય કરવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારના મંત્રી ડૉ. તારિક ફઝલ ચૌધરીએ સોશિયલ મીડિયા પર લખ્યું, "હું ઈસ્લામાબાદમાં થયેલા વિસ્ફોટની સખત નિંદા કરું છું. મને જાનહાનિથી દુઃખ થયું છે."

# શેલામાં હાઈરાઈઝ બિલ્ડિંગના ૧૩મા માળેથી પટકાતા આધેડનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના શેલા વિસ્તારમાં શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં આવેલી એક રહેણાંક સોસાયટીના ૧૩મા માળેથી પટકાતા એક ૪૯ વર્ષીય વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના આત્મહત્યા હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

શેલા વિસ્તારમાં આવેલી 'સન એટમોસ્ફિયર' સોસાયટીના ડી-બ્લોકમાં આ ઘટના બની હતી. મૃતકની ઓળખ નિલેશ બાબુલાલ મહેતા (ઉંમર ૪૯ વર્ષ) તરીકે થઈ છે. આજે શુક્રવારે સાંજે તેઓ અચાનક ૧૩મા માળેથી નીચે પટકાયા હતા. જોરદાર અવાજ આવતા સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને તાત્કાલિક તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૦૬/૦૨/૨૦૨૬

| અં.નં. | આઈટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૦૭ | ૧,૨૦૦.૦૦ | ૧,૭૫૦.૦૦ |
| ૨ | ઘઉં | ૧૪૦ | ૫૧૨.૦૦ | ૫૩૮.૦૦ |
| ૩ | ગવાર | ૧૫ | ૯૭૦.૦૦ | ૧,૦૩૭.૦૦ |
| ૪ | કપાસ | ૨૫૨ | ૧,૫૭૫.૦૦ | ૧,૬૧૩.૦૦ |
| ૫ | સોયાબીન | ૨ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૯૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૮૧૬ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૪૨૯૬ ઘટ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૫૨.૯૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૩૮૭.૧૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૧૨.૦૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૭૭૪૫.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૫૨.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૮૩૮૭.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૭૯.૨૨ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૧૨.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૩૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૦૮૩ અને નીચામાં રૂ.૧૪૯૩૯૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૦૭૧ના આગલા બંધ સામે રૂ.૮૧૬ વધી રૂ.૧૫૨૮૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૧૮ વધી રૂ.૧૨૫૯૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૨ વધી રૂ.૧૫૭૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪૦ વધી રૂ.૧૫૧૨૫૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૪૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૨૫૦ અને નીચામાં રૂ.૧૫૧૫૩૨ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૮૪૭ના આગલા બંધ સામે રૂ.૧૨૬૪ વધી રૂ.૧૫૫૧૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૪૦૬૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૩૨૭૭ અને નીચામાં રૂ.૨૨૯૧૮૭ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૮૧૫ના આગલા બંધ સામે રૂ.૪૨૯૬ ઘટી રૂ.૨૩૯૫૧૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૩૮૯ ઘટી રૂ.૨૪૬૫૮૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૧૫૭ ઘટી રૂ.૨૪૬૬૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૮૭૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો ૮૦ પૈસા વધી રૂ.૧૨૨૮.૮ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮ વધી રૂ.૩૨૨.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૭૫ વધી રૂ.૩૧૦.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૧૮૮.૯૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૧૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૩૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૩૯૮ અને નીચામાં રૂ.૩૩૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩ ઘટી રૂ.૩૩૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૬૭ અને નીચામાં રૂ.૫૭૩૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૪૬ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૫૭૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૫૭૬૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૯ વધી રૂ.૩૧૯.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૧ વધી રૂ.૩૧૯.૨ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૩.૭ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૮૦.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૮ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૬૦૪ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૫૭૨.૨૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૩૯.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૪૨૧.૮૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૫.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૩૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૬.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં.




ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૬૩.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૩૮.૮૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૪૪૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૯૯૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૬૩૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૭૭૫૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૧૮૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૮૬૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૧૨૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૨૬૧૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૪૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૨૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૫૫૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૬૭૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૬૭૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૭૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯૯ પોઈન્ટ વધી ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪ વધી રૂ.૨૩૪.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ વધી રૂ.૩૦ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪ ઘટી રૂ.૯૬૬૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૪૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨.૫ ઘટી રૂ.૧૮૫૦ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૯૧ ઘટી રૂ.૨૮ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૭ વધી રૂ.૨૩૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૩૦.૯ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫.૫ ઘટી રૂ.૯૨૭૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૯.૫ ઘટી રૂ.૮૧૫.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૨ વધી રૂ.૨૨૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા વધી રૂ.૨૦ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૩.૫ ઘટી રૂ.૬૬૦૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫૦.૫ વધી રૂ.૨૨૩૧ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૨ ઘટી રૂ.૩૭.૨૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૭ ઘટી રૂ.૦.૪૯ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૮ વધી રૂ.૨૨૫.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૨૮.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૨ ઘટી રૂ.૭૯૫૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૮.૫ ઘટી રૂ.૮૪૫૫.૫ના ભાવે બોલાયો હતો.

### શહેરામાં ૩ની અટકાયત કરાઈ

# પરીક્ષા છે, કેમ મોડો આવ્યો? પૂછતા જ વિદ્યાર્થીએ શિક્ષિકાને લાફો ઝીંક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોધરા

પંચમહાલ જિલ્લાના શહેરામાં શિક્ષણ જગતને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરાની જાણીતી એસ.જે.દવે સાર્વજનિક હાઈસ્કૂલમાં એક વિદ્યાર્થીએ પોતાની જ મહિલા શિક્ષિકાને થપ્પડ મારી દેતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના બાદ શાળા સંકુલમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, એસ.જે.દવે સાર્વજનિક હાઈસ્કૂલમાં પરીક્ષા ચાલી રહી હતી. આ દરમિયાન ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ નાં દિવસે એક વિદ્યાર્થી પરીક્ષા આપવા માટે નિયત સમય કરતા ઘણો મોડો પહોંચ્યો હતો. પરીક્ષાના નિયમો મુજબ, મહિલા શિક્ષિકાએ વિદ્યાર્થીને મોડા આવવાનું કારણ પૂછ્યું હતું. માત્ર આટલી પૂછપરછથી ઉશ્કેરાઈ ગયેલા વિદ્યાર્થીએ તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી અને ચાલુ ક્લાસમાં અન્ય વિદ્યાર્થીઓની હાજરીમાં જ મહિલા શિક્ષિકાના ગાલ પર જોરદાર થપ્પડ મારી દીધી હતી. આ સમગ્ર ઘટના શાળામાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં વિદ્યાર્થીની આ ઉદ્ધત વર્તણૂક સ્પષ્ટપણે જોઈ શકાય છે.

થપ્પડ માર્યાની આ ઘટના બાદ મામલો વધુ બિચક્યો હતો. પીડિત શિક્ષિકાના જણાવ્યા અનુસાર, માત્ર થપ્પડ જ નહીં પરંતુ ત્યારબાદ વિદ્યાર્થી અને તેની સાથે આવેલા અન્ય શખ્સોએ તેમને ગંભીર ધમકીઓ પણ આપી હતી. શિક્ષિકાએ આ મામલે હિંમત દાખવી શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં વિદ્યાર્થી સહિત ૪ શખ્સોના નામજોગ અને અન્ય ૧૫ થી ૨૦ અજાણ્યા ઈસમો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને શહેરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ફરિયાદના આધારે મુખ્ય આરોપી વિદ્યાર્થી સહિત ત્રણ શખ્સોની અટકાયત કરી લીધી છે. તપાસના ભાગરૂપે પોલીસે પકડાયેલા આરોપીઓને સાથે રાખીને હાઈસ્કૂલ ખાતે લઈ જઈ, પીડિત શિક્ષિકાની હાજરીમાં સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શનકર્યું હતું.

શિક્ષણના ધામમાં બનેલી આ ઘટનાએ ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધો પર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક રહીશો અને અન્ય શિક્ષકોમાં આ કૃત્ય પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આરોપીઓ સામે કડકમાં કડક પગલાં લેવાની માંગ ઉઠી છે.

પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે કે આ હુમલા પાછળ અન્ય કોઈ પૂર્વ આયોજિત કાવતરું હતું કે કેમ.

### યુનિવર્સિટી પ્રશાસનમાં દોડધામ મચી

# NSS કેમ્પમાં આવેલી વિદ્યાર્થિનીએ હોસ્ટેલમાં આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટીના હોસ્ટેલ પરિસરમાંથી એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે. અહીં આયોજિત NSS (નેશનલ સર્વિસ સ્કીમ) કેમ્પમાં ભાગ લેવા માટે બોટાદથી આવેલી ૨૧ વર્ષીય વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર કેમ્પસમાં સન્નાટો વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, આ વિદ્યાર્થિની શૈક્ષણિક પ્રવૃત્તિ અને કેમ્પ માટે અમદાવાદ આવી હતી અને હોસ્ટેલના રૂમમાં રહેતી હતી. અચાનક તેણે જીવન ટૂંકાવી લેતા તેની સાથે રહેતી અન્ય વિદ્યાર્થિનીઓ અને યુનિવર્સિટી પ્રશાસનમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ગુજરાત યુનિવર્સિટી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી, જેના કારણે આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

શું માનસિક તણાવ કે અન્ય કોઈ અંગત કારણ જવાબદાર છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. આશાસ્પદ વિદ્યાર્થિનીના આવા પગલાંથી તેના વતન બોટાદમાં રહેતા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.

# ધોરાજીમાં મિશ્ર હવામાનને પગલે ઋતુજન્ય રોગચાળો વકર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી બદલાયેલા મિશ્ર હવામાનને કારણે ઋતુજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમીના કારણે વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને તાવ, શરદી અને ઉધરસના દર્દીઓની સંખ્યામાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો નોંધાયો છે, જેના કારણે સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ધોરાજી સિવિલ હોસ્પિટલમાં હાલ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. હોસ્પિટલ તંત્રના જણાવ્યા અનુસારઃ વધતી OPD: દરરોજ સરેરાશ ૬૦૦ જેટલા દર્દીઓ ઓપીડીમાં સારવાર માટે આવી રહ્યા છે. લેબોરેટરી ટેસ્ટઃ રોગચાળાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરરોજ ૨૦૦ થી વધુ દર્દીઓના બ્લડ રિપોર્ટનું લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તંત્રની સજ્જતાઃ દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે હોસ્પિટલ તંત્ર સંપૂર્ણ સજ્જ છે. હોસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ તેમજ જરૂરી દવાઓ અને ઈન્જેક્શનનો જથ્થો ઉપલબ્ધ હોવાનું સત્તાધીશોએ જણાવ્યૂં છે. મિશ્ર ઋતુમાં રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. ઉકાળેલું પાણી પીવું, તાજો ખોરાક લેવો અને જો તાવ કે શરદીના લક્ષણો જણાય તો તરત જ નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા સૂચના અપાઈ છે. હોસ્પિટલ તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી પરિસ્થિતિ વધુ વણસે નહીં.

### કારમાંથી ભાજપનો ખેસ મળ્યો

# કારમાંથી ઉતરેલા શખ્સે પોલીસ કમિશનરના PA પર હુમલો કર્યો

## આ હુમલામાં કોન્સ્ટેબલના નાકના ભાગે ફ્રેક્ચર થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત

સુરત શહેરના નાના વરાછા ઢાળ પાસે ટ્રાવેલ્સ બસોના ગેરકાયદે પાર્કિંગને કારણે ભારે ટ્રાફિક જામ થયો હતો. જે મામલે પોલીસ કમિશનરની કચેરીમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અક્ષય આહીર રાત્રે ૧૦ વાગ્યા બાદ ઘરે જતાં હતા, ત્યારે તેમણે ટ્રાફિક જામ જોઈ પોતાની ફરજ સમજીને ટ્રાફિક ક્લિયર કરવા ઉતર્યા હતા. અક્ષય આહીરે પોતાની પોલીસ ઓળખ આઈકાર્ડ બતાવી ટ્રાફિક હટાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન તેમના પર આ જીવલેણ હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, અક્ષય આહીરે ટ્રાફિક હટાવવાનો પ્રયાસ કર્યો ત્યારે એક લકઝરી બસમાંથી ઉતરેલા બે લોકો અને એક કાર ચાલક બેફામ બન્યા હતા. બસમાંથી ઉતરેલા બે લોકોએ કોન્સ્ટેબલને પકડી રાખ્યા અને કાર ચાલકે અક્ષય આહીરનું ગળું પકડી પોતાની પાસે રહેલા પંચ જેવા હાર્ડ ઓબ્જેક્ટ વડે મોઢા અને નાકના ભાગે માર માર્યો હતો. બાદમાં હુમલાખોરોની કારની તપાસ દરમિયાન કારમાંથી ભાજપનો ખેસ મળ્યો હતો, જેના કારણે સમગ્ર મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

કારમાંથી ભાજપનો ખેસ મળ્યોઃ હાલ આ મામલે તપાસ કરતા જે ભાજપના ખેસવાળી કારમાંથી હુમલાખોર ઉતર્યો હતો એ કારના માલિકનું નામ દિવ્યેશકુમાર વલ્લભભાઈ કસલા હોવાનું બહાર આવ્યું છે, જે કતારગામ વિસ્તારમાં આવેલા નારાયણ નગર સોસાયટીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ, આ હુમલામાં અક્ષય આહીરને નાકના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે. જેથી તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે, ત્યારે પોલીસ કર્મચારી પર થયેલા આ હુમલાને લઈ પોલીસ વિભાગમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નોંધનીય છે કે, હુમલો કર્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા, ત્યારે કાપોદ્રા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કતારગામ વિસ્તારમાં આરોપીના ઘરે શોધખોળ કરી હતી, પરંતુ આરોપી ત્યાં મળી આવ્યો ન હતો. જેથી હાલ આ ઘટનાને ગંભીરતાથી લેતા કાપોદ્રા પોલીસ દ્વારા કાર કબ્જે લેવામાં આવી છે અને કાર ચાલક સહિત કુલ ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ અલગ અલગ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

હાલ આ મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચ પણ આ કેસની તપાસમાં જોડાઈ છે અને કારના નંબરના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ મામલે ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે,"પોલીસ કર્મચારી પર હુમલો કરવો ગંભીર ગુનો છે.

જેથી આ મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ ચૂકી છે. હુમલાખોરોને ઝડપથી પકડી લેવામાં આવશે." ઉલ્લેખનીય છે કે, પોલીસ પર હુમલો કરી આરોપીઓ કાયદાને ખુલ્લો પડકાર આપ્યો છે. પોલીસ કમિશનરના પીએ પર થયેલા આ હુમલાએ શહેરની કાયદા-વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ટ્રાફિક નિયંત્રણ જેવી ફરજ બજાવતા પોલીસ કર્મચારી પર થયેલો જીવલેણ હુમલો કાયદાને ખુલ્લો પડકાર ગણાઈ રહ્યો છે. ત્યારે હાલ સુરત પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ માટે ટીમો રચી તપાસ ઝડપી બનાવવામાં આવી છે.

### પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સોફી ડિવાઈન

# WPL ની ફાઈનલ જીતતા જ માલામાલ થઈ ગઈ RCB

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૬ માં ફરી એકવાર કોઈ નવો નહીં, પણ એક નવો ચેમ્પિયન મળ્યો. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) એ દિલ્હી કેપિટલ્સને હરાવીને બીજી વખત ટાઈટલ જીત્યું. ગુરુવારની ફાઈનલમાં, RCB એ છ વિકેટથી જીત મેળવી, ટ્રોફી અને મોટી ઈનામી રકમ પોતાના નામે કરી. જોકે, દિલ્હી કેપિટલ્સ માટે, વાર્તા એ જ રહીઃ તેઓ ફાઈનલમાં પહોંચ્યા પણ ટ્રોફી હારી ગયા.

**WPL 2026 પ્રાઈઝ મની યાદી**

વિજેતાઃ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)

પ્રાઈઝ મની - રૂ.૬ કરોડ

રનર-અપઃ દિલ્હી કેપિટલ્સ (DC)

પ્રાઈઝ મની - રૂ.૩ કરોડ

પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટઃ સોફી ડિવાઈન

પ્રાઈઝ મની - રૂ.૫ લાખ

ઓરેન્જ કેપ (સૌથી વધુ રન): સ્મૃતિ મંધાના

પ્રાઈઝ મની - રૂ.૫ લાખ

પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ): સોફી ડિવાઈન

પ્રાઈઝ મની - રૂ.૫ લાખ

ટુર્નામેન્ટમાં સૌથી વધુ સિક્સર સોફી ડિવાઈન - રૂ.૫ લાખ

શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ એવોર્ડ ગ્રેસ હેરિસ - રૂ.૫ લાખ

ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચ સ્મૃતિ મંધાના - રૂ.૨.૫ લાખ

સિઝનની ઉભરતી ખેલાડી નંદિની શર્મા - રૂ.૫ લાખ

દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૩ રન બનાવ્યા. ટીમે ઓપનર શેફાલી વર્મા (૨૦) અને લિઝેલ લી (૩૭) સાથે સારી શરૂઆત કરી હતી, પરંતુ વચ્ચેની ઓવરોમાં વિકેટો પડવાથી ગતિ ધીમી પડી ગઈ હતી. આમ છતાં, જેમીમા રોડ્રિગ્સે (૫૭) કેપ્ટનશીપ ઈનિંગ્સ રમી અને ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી. અંતિમ ઓવરોમાં ઝડપી રન-ચેઝિંગે દિલ્હીને ઉચ્ચ સ્કોર સુધી પહોંચાડ્યું, જે ફાઈનલના દબાણ હેઠળ સરળ સિદ્ધિ નહોતી.

લક્ષ્યનો પીછો કરતી આરસીબીએ ગ્રેસ હેરિસ (૯) ના આઉટ સાથે ખરાબ શરૂઆત કરી, પરંતુ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ કમાન સંભાળી. તેણી અને જ્યોર્જિયા વોલે (૭૯) એ લાંબી ભાગીદારી બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં મુકી દીધી. બંનેએ ક્યારેય રન રેટ ધીમો પડવા દીધો નહીં અને મેચને સંપૂર્ણપણે આરસીબીના પક્ષમાં કરી દીધી. જ્યારે અંતિમ ઓવરોમાં કેટલીક વિકેટો પડી, ત્યારે ટીમે સંયમ દર્શાવ્યો અને ૧૯.૪ ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું.

દિલ્હી કેપિટલ્સ સતત ચોથી વખત ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તે ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી. દરેક સિઝનમાં મજબૂત પ્રદર્શન છતાં, ફાઈનલમાં જીત મેળવવામાં નિષ્ફળતા દિલ્હીની સૌથી મોટી સમસ્યા બની ગઈ છે. આ હાર માત્ર ખેલાડીઓ માટે જ નહીં, પરંતુ ફ્રેન્ચાઈઝી અને તેના ચાહકો માટે પણ અત્યંત નિરાશાજનક હતી.


**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલિંગ કાર્ય**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (દક્ષિણ), બીજો માળ. ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 દ્વારા આમંત્રણ - ટેન્ડર નંબર: W468_2025_SG_WA તારીખ 02.02.2026 કામ અને સ્થાન: મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલ્વેના કાંદિવલી, વસઈ રોડ અને વિરાર ખાતે યાર્ડ્સના સુધારણા અને અપગ્રેડેશનના સંદર્ભમાં સિગ્નલિંગ કાર્ય. કામનો અંદાજિત ખર્ચ: ₹3,20,26,449.72 EMD: ₹3,10,100/- જમા કરાવવાની તારીખ અને સમય: તા. 26.02.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 26.02.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1083

અમને ફોલો કરો: X.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં.S/07/2026 તારીખ 02.02.2026**

| ક્ર. નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 58 | RDSO ડ્રોઇંગ નં. T-8746/9681 મુજબ એન્ડ કટ મેટલ લાઇનરના સપ્લાય માટે એક વર્ષનો ચાલુ કરાર અને ROSO ડ્રોઇંગ નં. T-4511/3740 મુજબ એન્ડ કટ મેટલ લાઇનરના સપ્લાય માટે. | 152555 નંગ | 12-માર્ચ-26 |
| 59 | RDSO Drg. No.T-4867 ને PSC સ્લીપર્સ પર BG 52 Kg રેલ સેક્શન માટે 8.5 CMS ક્રોસિંગમાં 1 ના પુરવઠા માટે એક વર્ષ માટે ચાલી રહેલ કરાર. | 50 સેટ | 09-માર્ચ-26 |
| 60 | 05 (પાંચ) ટન ક્ષમતાવાળા ડીઝલ હાઇડ્રોલિક રેલ ક્રેનની ડિઝાઇન, ઉત્પાદન, પુરવઠો અને બાંધકામ | 1 નંગ | 02-માર્ચ-26 |
| 61 | ટંગસ્ટન કાર્બાઇડ ટિપ અને મોડિફાઇડ કાર્બાઇડ ટેમ્પિંગ ટૂલની વિવિધ વસ્તુઓ | 976 નંગ 51 સેટ | 02-માર્ચ-26 |
| 62 | જેલી ભરેલું ટેલિકોમ 6 ક્વાડ-0.9 મીમી કેબલ | 1258 કિ.મી. | 02-માર્ચ-26 |
| 63 | હાર્નેસ્ડ કેબલનો સેટ | 80 સેટ | 02-માર્ચ-26 |

**શુધ્ધિપત્ર**

કૃપા કરીને ક્રમાંક નં. 15 પર ટેન્ડર સૂચના નંબર S-02-2026 તારીખ: 06.01.2025 માટે નિયત તારીખ "11.02.2026" તરીકે વાંચો.

કૃપા કરીને ક્રમાંક નં. 03 પર ટેન્ડર સૂચના નંબર S-01-2026 તારીખ: 01.01.2026 "18.02.2026" તરીકે વાંચો.

કૃપા કરીને ટેન્ડર ક્રમાંક નં. 629 પર સૂચના નંબર S-67-2025 તારીખ: 13.11.2025 "09.02.2026" તરીકે નિયત તારીખ વાંચો.

વિગતવાર સૂચના EMD અંગે. ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો. કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 1080

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ - મુંબઈ-400 008.

**કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.**

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCTADVTMB25-11 | 20.02.26 14:00 કલાક. |

| ક્ર. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસ | ઈ-હરાજીની બંધ કરવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1. | MMS-MobGen-133732-2-26-1 (વિવિધ-મોબાઇલ-સેવાઓ - મોબાઇલ જનરલ) | ટ્રેન નં. 12009/12010 શતાબ્દી એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ઉપર ઓનબોર્ડ ફ્રી લાઈફસ્ટાઈલ મેગેઝીન વિતરણ માટેનો કરાર. | 1096 | 20.02.26 14:00 કલાક. |

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-25-75 | 20.02.26 15:00 કલાક. |

| ક્ર. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસ | ઈ-હરાજીની બંધ કરવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1. | ADVT-BCT-CCG-OH-469-26-1 (જાહેરાત -ઘરની બહાર) | ચર્ચગેટ પૂર્વ બાજુ PF નંબર 4 ની દિવાલો પર રોડ બાજુ તરફ મુખ રાખીને LCD/ LED દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે 05 વર્ષ માટે જથ્થાબંધ જાહેરાત અધિકારો | 1826 | 20.02.26 15:30 કલાક. |
| 2. | ADVT-BCT-ST-OSD-356-26-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (ડિજિટલ) | સુરત (ST) સ્ટેશનના પરિભ્રમણ વિસ્તારમાં - પેસેન્જર હોલ્ડિંગ એરિયા ખાતે PRS નજીક - 1 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 365 | 20.02.26 15:40 કલાક. |
| 3. | ADVT-BCT-BA-OSN-440-25-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ) | બાંદ્રા (BA) સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (FOBs) પર 3 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો | 1096 | 20.02.26 15:50 કલાક. |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212, ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 1082

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

રાજકોટમાં સબ કા હોગા કર્ઝા માફ ના બેનરો ઠેર ઠેર લગાડવામાં આવતા રાજકીય ગરમાવો

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા શંકરસિંહ વાઘેલાની એન્ટ્રીથી ગુજરાતના રાજકારણમાં નવી જાહેરાત




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં કંઈક નવા જુની થાય તેવા સંકેતો દેખાઈ રહ્યા છે, આ ચર્ચા છે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના આંદોલનની, રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં બેનરો લાગ્યા છે કે ૨૬ ફેબ્રુઆરી ના રેસકોષ મેદાનમાં જાહેર સભા યોજાશે. હોર્ડિંગમાં લખવામાં આવ્યુ છે કે સબ કા હોગા કર્ઝા માફ, આખરે રાજકોટના રાજકારણમાં શંકરસિંહ વાઘેલાએ ફરી એન્ટ્રી મારી છે,

સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા મેદાને આવ્યા છે. રાજકોટના અલગ અલગ વિસ્તારોમાં હોર્ડિંગ બોર્ડ લગાવી આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. આગામી ૨૬ મી ફેબ્રુઆરી ના રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં જાહેર સભા સંબોધન કરશે. જેમાં હોર્ડિંગમાં સબ કા હોગા કર્ઝા માફ તેવુ લખવામાં આવતા લોકોમાં આકર્ષણ ઉભુ થયુ છે. કર્ઝા માફી માટે આંદોલન કરવાની પૂર્વ મુખ્યમંત્રીની તૈયારી આગામી ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી શકે છે. કારણ કે દેશભરમાંથી અલગ અલગ ક્ષેત્રના આગેવાનો રાજકોટમાં પધારવાના છે. છેલ્લા ઘણા સમયથી કર્જ માફી માટે ખેડુતો કરી રહ્યા છે આંદોલન, ત્યારે આ આંદોલનને ફરી વેગ આપવા માટે શંકરસિંહ વાઘેલાએ એન્ટ્રી મારી હોય તેવુ ચર્ચાઈ રહ્યુ છે.

દેશભરના અલગ અલગ રાજયોમાં કર્જા માફી માટે આંદોલન ચાલી રહ્યુ છે તેની વચ્ચે હવે ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આંદોલનનુ બ્યુગલ રાજકોટ થી કરી રહ્યા છે. આ જાહેરસભામાં દેશભરમાંથી અલગ અલગ ક્ષેત્રના આગેવાનો રાજકોટ આવશે. છેલ્લા ઘણા સમયથી કર્જ માફી માટે ખેડુતો આંદોલન કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા શંકરસિંહ વાઘેલા ગુજરાતમાં કર્જા માફીનુ આંદોલન કરી સરકાર સામે બાંયો ચડાવવાની તૈયારીઓ કરી છે. ત્યારે આ આંદોલનમાં સૌરાષ્ટ્રભરમાંથી લાખો ની સંખ્યામાં ખેડુતો ઉમટી પડે તેવી શકયતાઓ વ્યકત કરવામાં આવી રહી છે.

# દારૂ વેચવા માટે ગાડીમાં ૩૦૦ લીટરની ટાંકી બનાવી : ગોવા થી સસ્તો દારૂ ઠાલવી વડોદરામાં બ્રાન્ડેડ બોટલમાં ભરીને આપતો વિડીયો વાયરલ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગેરકાયદેસર દારૂ વેચવા માટે બુટલેગરો અવનવા કીમીયા અપનાવતા હોય છે અને પોલીસ તેમના મનસુબા આખરે નાકામીયાબ કરી જ નાખતી હોય છે, આવો જ એક કિસ્સો વડોદરામાં ફરી બનવા પામ્યો છે. આ વખતે દુધની ગાડી કે પેટ્રોલનુ ટેન્કર નહી પણ એકદમ જુદી જ કલાકારી આ બુટલેગરે અપનાવી છે. જેને જોઈ વડોદરા પોલીસની પીસીબીની ટીમ પણ દંગ રહી ગઈ છે. વડોદરા શહેર પોલીસની ગુન્હા નિવારણ શાખા (પીસીબી) ની ટીમ ને એક બાતમી મળી હતી કે શહેરના દંતેશ્વર વિસ્તારમાં રહેતો અમિત મણીલાલ સોલંકી ટાટા કંપનીની ગાડી ધરાવે છે અને તેમાં બહારના રાજયો મહારાષ્ટ્ર, ગોવા થી દારૂ ભરી લાવી વડોદરામાં ગેરકાયદે વેચાણ કરે છે. આ માહીતીના આધારે પીસીબીની ટીમે પુરતી વોચ ગોઠવી હતી. તેવામાં તરસાલી બાયપાસ પાસે ગાડી આવતા તેને કોર્ડન કરી રોકવામાં આવી હતી. પહેલી નજરે તો આખી ગાડી ખાલી જોવા મળી અને ગાડીમાં કોઈપણ પ્રકારનો દારૂ જોવા મળ્યો ન હતો. જેથી પોલીસ પણ એક તબકકે મુંઝવણમાં મુકાઈ ગઈ હતી. પરંતુ માહિતી ચોકકસ હતી, જેથી ગાડીના નીચેના ભાગે તપાસ કરતા આશરે ૩૦૦ લીટર ક્ષમતા ધરાવતી ટાંકી જોવા મળી હતી. જે ટાંકીની તપાસ કરતા આશરે ૨૫૪ લીટર જેટલો દારૂ તેમાં ભરેલો મળી આવ્યો હતો. જેથી પોલીસે આ કલાકાર બુટલેગરની અટકાયત કરી અને પ્રાથમિક પુછતાછ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ કલાકારી વેલ્ડીગનુ કામ જાણતો હોવાથી તેને જાતે આ ગાડીમાં ટાંકી બનાવી અને મહારાષ્ટ્ર, ગોવા જઈ જુદી જુદી જગ્યાથી દિવસ દરમિયાન છુટક દારૂની પેટીઓ ખરીદતો અને રાતના અંધારામાં કોઈને જાણ ન થાય એ રીતે ગાડીમાં બનાવેલી ટાંકીમાં દારૂ ખાલી કરી દેતો હતો. ટાંકી ફુલ થાય એટલે વડોદરા આવતો અને ગ્રાહક જે બ્રાન્ડ માંગે તે બ્રાન્ડની બોટલમાં દારૂ ભરી વેચતો હતો. પોતાની ગાડીમાં દારૂ ભરવા માટે ૩ ટાંકીઓ રાજસ્થાનમાં બનાવી, આ ટાંકીઓમાં દારૂ ભરવા માટે ઢાંકણ પાછળની લાઈટમાં તથા સીટની પાછળ ફીટ કરી તેમજ દારૂ કાઢવા માટેના વાલ્વ પાછળના ટાયર ઉપરના ગાર્ડની અંદર છુપી રીતે ફીટ કરી આ ટાંકીઓમા વિદેશી દારૂ ગોવા થી અલગ અલગ બાર માંથી ખરીદી ગાડીમાં બનાવેલી ટાંકીઓમાં ભરી વડોદરા લાવી છુટક વેચાણ કરતો હતો. આમ પોલીસે આ મામલે અમિત સોલંકી વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુન્હો નોંધી રૂપીયા ૨૪ હજારની કિંમતની ૫ દારૂની બોટલ, ૩,૬૭,૫૦૦ ની કિંમતનો ૨૪૫ લીટર દારૂ અને રૂપીયા ૫ લાખની કાર તેમજ રોકડા અને મોબાઈલ મળી કુલ રૂપીયા ૯,૧૭,૯૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત રાજયમાં ટોલટેક્ષના વધુ ઉઘરાણાની ફરીયાદ : ખોટી રીતે ટોલ ઉઘરાવવો અને વધુ નાણાં વસુલવાની ફરીયાદ



પ્રતિનિધિ,ગાંધીનગર

ખોટી રીતે ટોલ ઉઘરાવવુ, વધુ પડતા નાણાં વસુલવા, ટોલબુથ પર સ્ટાફ દ્વારા ખરાબ વર્તન જેવી મુસાફરોની ફરીયાદોમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩ માં ગુજરાતમાં ૧૧૩૧ ફરીયાદો મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ માં ૩૩૦૭ અને વર્ષ ૨૦૨૫ માં વધીને ૫૩૨૪ ફરીયાદો મળી છે. અન્ય રાજયોની જેમ ગુજરાતમાં પણ લોકોની ફરીયાદો પર જાણે કોઈ ખાસ ધ્યાન આપતુ નથી. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના રાજયોમાં ૧ લાખ થી માંડીને ૨૨ લાખ સુધીનો દંડ ફટકારાયો છે. ગુજરાતમાં નેશનલ હાઈવે ના અત્યારે ૬૨ ટોલ પ્લાઝા કાર્યરત છે. જયાંથી સરકાર ને ટોલટેક્ષ ફી પેટે કરોડોની આવક થઈ રહી છે, ટોલ ટેક્ષના ઉઘરાણા સહિતના મુદ્દે ગુજરાતમાંથી છેલ્લા ૩ વરસમાં ૯૭૬૨ ફરીયાદો મુસાફરો દ્વારા કરવામાં આવી છે. પાડોશી રાજય રાજસ્થાનમાં ૩ વર્ષમાં ૨૬૪૨૪, મહારાષ્ટ્રમાં ૯૨૦૬ અને મધ્ય પ્રદેશમાં ૮૭૯૭ ફરીયાદો મળી હતી. ઓડીસામાં વધારાની યુઝર ફી વસુલ કરવાના કિસ્સામાં ૨૨.૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે સાઈન બોર્ડની જાળવણી નહી કરવાના કિસ્સામાં ૧ લાખ રૂપીયાનો દંડ કરાયો છે. મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ ગુરૂવારે કામકાજનો આ ચિઠ્ઠો જાહેર કર્યો હતો. જો કે ગુજરાતમાં હજારો ફરીયાદો મળી પરંતુ શું પગલા લેવાયા તે વિશે કોઈ જ ફોડ પાડવામાં આવ્યો નથી.

# દિલ્હીમાં હચમચાવી નાખતો કિસ્સોઃ ૧૬ વર્ષની ઉંમેર પ્રેગ્નેટ થઈ: ૧૦૦ રૂપીયા લઈને ઘરેથી નિકળેલી ઈશા ૪૫ દિવસથી ગુમ



પ્રતિનિધિ,ગાંધીનગર

દિલ્હીમાં સતત ગુમ થઈ રહેલા લોકોમાં ઈશાનુ નામ પણ સામેલ છે. ઈશા ૧.૫ મહિનાથી ગુમ છે. તેની માતા દરવાજા પર તેની રાહ જોઈ રહી છે, તેમની હાલત રડી રડી ને ખરાબ થઈ ગઈ છે.

કહેવાય છે કે ૧૬ વર્ષની ઈશા પોતાના બોયફ્રેન્ડ થી પ્રેગ્નેટ થઈ ગઈ હતી તે લગ્ન કરવા માંગતી હતી. તે છોકરા સાથે લગ્ન કરવા માટે છોકરાના માતા પિતાને મળવા ગઈ હતી. જો કે છોકરાના પરીવારે તેની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ તે ઉદાસ રહેવા લાગી હતી, એક દિવસ પોતાના પપ્પા પાસે મોમો ખાવા માટે ૧૦૦ રૂપીયા લઈને ઘરેથી નિકળી હતી. ત્યારથી તે ઘરે પાછી નથી આવી, ઈશા જેવી કેટલીય છોકરીઓ છે જે નાની ઉંમરમાં પ્રેમ માટે ઘર છોડીને ગાયબ થઈ રહી છે.

દિલ્હીના શકરપુર બસ્તીના પરીવારમાં માતમ છવાયેલો છે. કારણ છે એક સગીર બાળકીનુ ગાયબ થવુ, હકીકતમાં જોઈએ તો રાજેન્દ્રકુમાર અને સુનીતાકુમારની દિકરી ઈશા છેલ્લા દોઢ મહિનાથી ગુમ છે, ઈશા નુ બીજુ નામ અંકીતા કપુર છે, તેની માતા સુનીતાએ મીડીયાને જણાવ્યુ હતુ કે અમારી દિકરીને કોઈ છોકરા સાથે અફેર હતુ, તેના પ્રેમમાં તે ઘર છોડીને ગાયબ થઈ ગઈ, માતા એ વધુમાં જણાવ્યુ કે છોકરાના પરીવારે તેનો અપનાવવાની ના પાડી દીધી, તે દિવસથી દિકરી ગુમ છે, તેમણે વધુમાં જણાવ્યુ કે ૧૮ મી જાન્યુઆરી અમને સોસીયલ મીડીયાથી જાણવા મળ્યુ છે. તે દિલ્હી થી જમ્મુ પહોચી ગઈ છે. અમને ઈન્સ્ટ્રાગ્રામ પર મળેલા નંબર થી સંપર્ક કર્યો, તેમણે જણાવ્યુ કે ઈશા કહી રહી છે કે તેને દિલ્હી જવુ છે,અમે તેને દિલ્હીની બસમાં બેસાડી દીધી છે, પોલીસે ઈશાનુ લાસ્ટ લોકેશન પણ મળ્યુ છે, તેને સીસીટીવી કેમેરામાં છેલ્લે લાલ કિલ્લા પર દેખાઈ હતી. જો કે હજુ સુધી દિકરી ઘરે નથી પહોચી.

ઈશાની કાકી સીમા એ પણ મીડીયાને હિન્દી ભાષામાં જણાવ્યુ કે સાતમુ ધોરણ ભણ્યા બાદ તેણે અભ્યાસ છોડી દીધો હતો. તે આખો દિવસ મોબાઈલ પર સમય પસાર કરતી હતી. તેમણે જણાવ્યુ કે તે એક છોકરાને પસંદ કરતી હતી. ૧૬ વર્ષની ઉંમરમાં તે પ્રેગ્નેટ થઈ ગઈ હતી. પણ છોકરાના પરીવારે તેની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી તે દિવસથી ઈશા ગુમ છે. કાકીએ વધુમાં જણાવ્યુ કે આ અગાઉ પણ ઈશા એકવાર ૧૨ વર્ષની ઉંમરમાં ૧૦ દિવસ સુધી ઘરેથી ગુમ રહી હતી. હકીકતમાં તે એ વાતથી નારાજ હતી કે તેને દત્તક લેવામાં આવી હતી. જો કે બાદમાં તેને શોધી ઘરે પાછી લાવવામાં આવી હતી. ત્યારબાદ બધુ બરાબર ચાલતુ હતુ, ભણવામાં પણ તે હોશિયાર હતી, પણ અચાનક અભ્યાસ છોડી દીધો, ઈશા બીજીવાર હવે ૨૭ ડીસેમ્બર ૨૦૨૫ થી ગુમ છે. અત્યાર સુધી તે ઘરે નથી પહોચી, ઘરેથી નિકળતા પહેલા તેણે પોતાના પપ્પા પાસેથી ૧૦૦ રૂપીયા લીધા હતા, તેણે કહ્યુ કે તેને મોમોઝ ખાવા છે. ત્યારબાદ તે હજુ સુધી ઘરે પાછી નથી આવી.

# સાબરકાંઠા જિલ્લાનુ ફુડ ખાતુ ઉંઘતુ ઝડપાયું : જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામેથી નકલી દુધ બનાવતી ફેકટરી ઝડપાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ફુડ એન્ડ ડ્રગ્સ ખાતુ ઉંઘતુ ઝડપાયુ છે. જે કામ ફુડ એન્ડ ડ્રગ્સ ખાતાએ કરવુ જોઈએ તે જિલ્લા પોલીસે કરી બતાવી નામના મેળવી છે, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામમાં માનવ જીંદગી સાથે ગંભીર ચેડા કરતુ દુધનુ મસમોટુ નેટવર્કનો પર્દાફાશ થયો છે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે શ્રી સત્યા ડેરી પ્રોડકટ નામની ફેકટરી પર ઓચિંતા દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન જાણવા મળ્યુ હતુ કે ભેળસેળયુકત ઝેરી કેમિકલ થી હજારો લીટર દુધ તૈયાર કરવામાં આવતુ હતું.

જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે ૪ આરોપી શખ્સોની ધરપકડ કરી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસ પણ જાણીને ચોકી ઉઠી હતી. કારણ કે અહીં દુધ બનાવવા માટે પશુઓની નહી પણ ઘાતક રસાયણોનો ઉપયોગ કરવામાં આવતો હતો. ફેકટરીમાં યુરીયા ખાતર, કોસ્ટીક સોડા અને અન્ય જોખમી કેમિકલ્સ મિશ્રીત કરી નકલી દુધ તૈયાર કરવામાં આવતુ હતું. પોલીસે સ્થળ પર થી ૭૧ લાખ રૂપીયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. નકલી દુધ બનાવનાર ફેકટરી મામલે પોલીસે એક સગીર સહિત ૪ શખ્સોને રંગે હાથ ઝડપી લીધા છે. જો કે ફેકટરીનો મુખ્ય સંચાલક રાકેશ ઉર્ફે ધમો નારાયણ પોલીસને થાપ આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે. નકલી દુધ બનાવવા માટે જે પધ્ધતિ અને રસાયણોનો ઉપયોગ થતો હતો તે લાંબા ગાળે જીવલેણ સાબિત થઈ શકે છે. હાલમાં જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરાર મુખ્ય આરોપીની ધરપકડ કરવા માટે ના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે અને આ કેમિકલ યુકત દુધ કયા કયા શહેરોમાં સપ્લાય કરવામાં આવતુ હતું. તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કાર ભાડે રાખવાના બહાને માલિકનો વિશ્વાસ જીત્યો

# ટેકનોલોજીનો દુરુપયોગ કરી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી ટોળકીઓ સક્રિય થઈ

## પોલીસ મથકે નોંધાયેલ વિશ્વાસઘાત અને છેતરપિંડીના એક અત્યંત ગંભીર ગુનાનો પર્દાફાશ કરી પોલીસે ગુનેગારને તેના અંજામ સુધી પહોંચાડી દીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

ટેકનોલોજીનો દુરુપયોગ કરી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી ટોળકીઓ સક્રિય થઈ છે. ઓનલાઈન ખરીદી કરતા લોકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. જૂનાગઢના સી-ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલ વિશ્વાસઘાત અને છેતરપિંડીના એક અત્યંત ગંભીર ગુનાનો પર્દાફાશ કરી પોલીસે ગુનેગારને તેના અંજામ સુધી પહોંચાડી દીધો છે. સોશિયલ મીડિયા દ્વારા અજાણી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરતા પહેલા સાવચેત રહેવું અનિવાર્ય છે. તમારી એક ભૂલ ગુનેગારોને મોટું મેદાન પૂરું પાડી શકે છે. આવું જ કાંઈક બન્યું જૂનાગઢમાં.ભોગ બનનાર હરપાલસિંહ ચૌહાણની ૮,૮૧,૦૦૦ ની કિંમતની સિલ્વર કલરની બલેનો કાર પર નજર બગાડી, યશ જસાભાઈ બાબરિયા નામના શખ્સે અત્યંત સુનિયોજિત રીતે આ કૌભાંડ આચર્યું હતું. આ ચાલક શખ્સે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી સંપર્ક સાધી, કાર ભાડે રાખવાના બહાને માલિકનો વિશ્વાસ જીત્યો હતો.ગાડી પચાવી લીધા બાદ, પકડાઈ જવાના ડરથી આરોપીએ શાપર પાસે ગાડીની બેટરી અને જીપીએસ સિસ્ટમ તોડી નાખી હતી, જેથી પોલીસ તેનું લોકેશન ટ્રેસ ન કરી શકે. આ શખ્સ કારને ટોઈંગ કરાવી રાજકોટ લઈ ગયો હતો, જ્યાં તે અન્ય કોઈ ગુનાહિત ગેંગને આ ગાડી સોંપી સગેવગે કરવાની તૈયારી કરતો હતો.

આરોપી ગમે તેટલો ચાલક હોય, પણ કાયદાના હાથ લાંબા હોય છે. જૂનાગઢ પોલીસે ગુનાની ગંભીરતા સમજી, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના જોરે ગણતરીના કલાકોમાં જ આ શખ્સને દબોચી લીધો છે. પોલીસે મુદ્દામાલ રિકવર કરી આરોપીની કડક પૂછપરછ હાથ ધરી છે જેથી તેની પાછળ સંકળાયેલી અન્ય ગેંગનો પણ પર્દાફાશ થઈ શકે.

તેની પૂછપરછમાં અન્ય બે શખ્સો, માન ભરવાડ અને એક ગમારા નામના શખ્સની સંડોવણી પણ બહાર આવી છે. હાલ મુખ્ય આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને અન્ય ફરાર આરોપીઓને શોધી કાઢવા માટે પોલીસે ચક્રગતિમાન કર્યા છે.

જૂનાગઢ પોલીસની આ કડક કાર્યવાહીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સોશિયલ મીડિયાના માધ્યમથી છેતરપિંડી આચરનારા તત્વોને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં..

છારીઢાંઢને વૈશ્વિક ઓળખ મળી

# કચ્છના છારીઢંઢને સત્તાવાર રીતે રામસર સાઈટ તરીકે જાહેર કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તારોમાં સ્થાન મળ્યું છે.છારીઢાંઢ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે ‘રામસર સાઈટ’ તરીકે જાહેર કરવામાં આવ્યું અને એ સાથે જ ભારતની જળપ્લાવિત વિસ્તારોનાં સંરક્ષણની યાત્રામાં નવું છોગુ ઉમેરાયું છે.

વન વિભાગ તરફથી વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને છારીઢાંઢને મળેલા વૈશ્વિક રામસર સાઈટનાં પ્રમાણપત્રને વિધિવત રીતે અર્પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ આ સિદ્ધિ બદલ મંત્રી અને સમગ્ર વન વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.છારીઢાંઢ ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તાર તરીકે ‘રામસર’ સાઈટનું પ્રમાણપત્ર મળ્યું છે. છારીઢાંઢ રણ અને ઘાસનાં મેદાનોની વચ્ચે આવેલો જળપ્લાવિત વિસ્તાર છે, જ્યાં દર વર્ષે હજારો પ્રવાસી પક્ષીઓ આવે છે.તેમાં વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા ગ્રે હાયપોકોલિયસ પક્ષીનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૦૮માં વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ છારીઢાંઢને ગુજરાતનું પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું અને તેના સરંક્ષણ માટે જરૂરી તમામ પગલાઓ લેવામાં આવ્યા અને આજે તેના ફળસ્વરૂપે, છારીઢાંઢને વૈશ્વિક ઓળખ મળી છે.

છારીઢાંઢનો જળપ્લાવિત વિસ્તાર પક્ષી નિરીક્ષકો માટે મહત્વનું સ્થળ છે.કેમ કે અહીયા એક સાથે બે લાખથી વધુ પક્ષીઓ જોવા મળી જાય છે અને ૧૮૭થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ અહીં નોંધાયા છે.ખાસ કરીને એક જ સ્થળે ૪૦,૦૦૦થી વધુ કુંજ (કોમન ક્રેન) પક્ષીઓ જોવા મળે છે.છારીઢાંઢની આસપાસ કુલ ૨૮૩ પ્રજાતિનાં પક્ષીઓ નોંધાયા છે, જેમાં ૧૧ વૈશ્વિક સ્તરે જોખમગ્રસ્ત અને ૯ ‘નિયર થ્રેટન્ડ’ પ્રજાતિનાં પક્ષીઓનો સમાવેશ થાય છે, જે તેના ઊંચા સંરક્ષણ મૂલ્યને દર્શાવે છે.અત્યાર સુધી બાવનથી વધુ દેશોનાં પ્રવાસીઓ છારીઢાંઢની મુલાકાત લઈ ચુક્યા છે અને આ દેશોમાંથી નિયમીતરીતે આ વિસ્તારની જૈવવિવિધતા જોવા માટે અહીં આવે છે.

જૈવિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૦૮માં છારીઢાંઢને કન્ઝર્વેશન રિઝર્વ તરીકે જાહેર કર્યું હતું. રાજયનું આ પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ હતું. આજે છારીઢાંઢ કચ્છ જિલ્લામાં સર્વાધિક પક્ષી વૈવિધ્ય ધરાવતું સ્થળ છે, જ્યાં ૧૮૭ પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળ્યાં છે. જે રાજયની કુલ પક્ષી વૈવિધ્યતાના ૩૫ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે.

માત્ર એપ્રિલ ૨૦૨૫માં જ આશરે ૫૦૦થી ૬૦૦ ગ્રે હાયપોકોલિયસ પક્ષીઓ અહીં જોવા મળ્યા હતા. છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તાર ૨૨,૭૦૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તે૧૨ ગામોને આરી લે છે.

# શિનોરમાં ૬૬ વર્ષીય વૃદ્ધ હનીટ્રેપનો શિકાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં એક વૃદ્ધને પ્રેમજાળમાં ફસાવી લાખો રૂપિયા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો છે. એક મહિલા અને આઠ શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી ૬૬ વર્ષીય વૃદ્ધ પાસેથી કટકે-કટકે રૂ.૭૫ લાખ જેવી માતબર રકમ પડાવી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ભોગ બનનાર વૃદ્ધે શિનોર પોલીસ સ્ટેશનમાં નવ લોકો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, શિનોરના અનવર ટેલર નામના શખ્સે વૃદ્ધનો સંપર્ક મનીષા (ઉર્ફે શાંતા) નામની મહિલા સાથે કરાવ્યો હતો. મહિલાએ અવારનવાર વૃદ્ધને અલગ-અલગ જગ્યાએ મળવા બોલાવ્યા હતા. કાવતરાના ભાગરૂપે, જ્યારે મહિલા કુવા પાસેની એક ઓરડીમાં હતી, ત્યારે વૃદ્ધ ત્યાં પહોંચ્યા હતા. ત્યાં મહિલાએ જાતે જ પોતાના અને વૃદ્ધના કપડાં ઉતારી નાખ્યા હતા. વૃદ્ધ ગભરાઈને બહાર નીકળ્યા ત્યાં સુધીમાં ટોળકીએ આ બિભત્સ અવસ્થાનો વીડિયો ઉતારી લીધો હતો.

વીડિયો બનાવ્યા બાદ ટોળકીના અન્ય સભ્યો નકલી પતિ અને સંબંધી બનીને ત્યાં પહોંચી ગયા હતા. તેમણે બિભત્સ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી.

# મુંદ્રાના ભોરારા નજીક કેનાલમાં ડૂબી જવાથી બે સગીર મિત્રોના મોતઃ પરિવારોએ કુળદીપક ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના મુંદ્રા તાલુકાના ભોરારા ગામ નજીક પસાર થતી નર્મદા કેનાલ બે આશાસ્પદ કિશોરો માટે કાળમુખી સાબિત થઈ છે. ટ્યુશન ક્લાસમાં સાથે ભણતા અને ફરવા નીકળેલા બે પરમ મિત્રોના કેનાલના પાણીમાં ડૂબી જવાથી મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, સાગર પાંડે અને અપૂર્વ ગઢવી નામના બે મિત્રો મુંદ્રામાં એક જ ટ્યુશન ક્લાસમાં અભ્યાસ કરતા હતા. ગઈકાલે (પાંચમી ફેબ્રુઆરી) સવારે ટ્યુશનમાં આ બંને મિત્રોએ તેમના એક ત્રીજા મિત્ર સાથે કેનાલ પર ફરવા જવાનું આયોજન કર્યું હતું. જો કે, ત્રીજા મિત્રએ સામાજિક કામ હોવાથી સાથે આવવાની ના પાડી હતી. સાંજે પાંચ વાગ્યે સાગર અને અપૂર્વ પોતાનું મોપેડ લઈને કેનાલ બાજુ ફરવા નીકળ્યા હતા, જે તેમની અંતિમ સફર બની રહી હતી.રાત્રે આઠ વાગ્યા સુધી બંને કિશોરો ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન કેનાલ કાંઠેથી તેમના ચપ્પલ અને મોપેડ મળી આવતા પરિવારના જીવ અધ્ધર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ભુજ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. રાત્રિના અંધકારમાં ફાયર વિભાગની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. કલાકોની જહેમત બાદ મોડી રાત્રે બંનેના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.ઘરના લાડકવાયા અને કુળદીપક સમાન બે તેજસ્વી પુત્રોના આમ અચાનક વિદાયથી બંને પરિવારો પર આભ ફાટ્યું છે. હોસ્પિટલ અને કેનાલ કાંઠે સ્વજનોના હૈયાફાટ રુદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

# ખંડેરાવ માર્કેટ પાછળ હિંમત ભવનની ચાલીમાં પાણીનો કકળાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના ખંડેરાવ માર્કેટની પાછળ આવેલી હિંમત ભવનની ચાલીમાં છેલ્લા દોઢ મહિનાથી પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. શહેરના વોર્ડ નંબર ૧૩માં સમાવિષ્ટ આ વિસ્તારમાં હાલ પાણી માટે સંપૂર્ણપણે ટેક્કર પદ્ધતિ પર નિર્ભર રહેવું પડી રહ્યું છે, જેના કારણે રહીશો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. પાણીની સમસ્યાથી કંટાળી આજે વિસ્તારના રહીશો મહોલ્લામાં એકત્ર થયા હતા અને મ્યુનિ. કોર્પોરેશનની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી.